


પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે પ્રથમ ધ્વજારોહણ અજયપ્રકાશ કલેક્ટર ગીર સોમનાથના હસ્તે કરવામાં આવ્યું. પ્રાતઃકાળે મહાપૂજન કરી શ્રાવણ માસની પૂજાની શરૂઆત કરવામાં આવી હતી, મહાપૂજા, મહા મૃત્યુજય યજ્ઞ, સવાલક્ષ બિલ્વપૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'નિઓવાઇસ ધૂમકેતુ વિષે જાણીએ' વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાશાવૃતિ કેળવાય તેવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ દરમિયાન થતી વિવિધ ખગોળીય ઘટનાઓ ને વિદ્યાર્થીઓ,નાગરિકો સમજે અને તેના વૈજ્ઞાનિક મહત્વને જાણે તેવા પ્રયત્નો વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.

અત્યારે સુર્યાસ્ત પછી વાયવ્ય દિશામાં લાંબો લીસોટો જોવા મળે છે. આ લાંબો લીસોટો હકીકતમાં નિઓવાઈસ ધૂમકેતુ છે. દર ૬૮૦૦ વર્ષે આ ધૂમકેતુ નારી આખે દેખાયા છે. જુલાઈ મહિનાની ૨૨ અને ૨૩ તારીખે તે પૃથવીની વધુ નજીક આવશે અને ઓગસ્ટ માસના આરંભ સુધીમાં તે દેખાતો બંધ થઈ જશે.




વિદ્યાર્થીઓને નિઓવાઈસ ધૂમકેતુ વિષે જાણકારી મળે અને આ ધૂમકેતુને નારી આખે જોવાનો તેમનામાં રોમાંચ પેદા થાય તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નિઓવાઈસ ધૂમકેતુ વિષે જાણીએ વિષય પર વેબિનાર યોજાયો. આ વેબીનારમાં તજજ્ઞ તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના ડો.અનિલભાઈ પટેલે સેવા આપી હતી. તેમને જણાવ્યું કે અત્યારે સંધ્યાકાળ પછી વાયવ્ય દિશામાં જોવા મળતો નિઓવાઈસ ધૂમકેતુ ૬૮૦૦ વર્ષે સૂર્ય ણી મુલાકાતે આવ્યો છે. જુલાઈની ૩ તારીખે તે પૃથવીની ૪.૩ કરોડ કિલોમીટર નજીકથી પસાર થઈ ગયો. હવે ૨૨ અને ૨૩ જુલાઈ દરમિયાન ૧૦.૩ કરોડના અંતરે થી પૃથ્વીને છેલ્લી સલામ કરીને ઊર્ટના વાદળ તરફ ચાલ્યો જવાનો છે.પૃથ્વી પર વસ્તી માનવ જાતને નિઓવાઈસ ધૂમકેતુ પહેલી વાર જોવા મળ્યો છે એટલે એમના દર્શનનો લાભ ચૂકવા જેવો નથી.નિઓવાઈસ ધૂમકેતુની ધ્યાન આકર્ષક બાબત તેની અનેક કિલોમીટર પૂછડી છે. ગુજરાતીમાં એટલેજ ધૂમકેતુને પુછ્ડીઓ તારો કહે છે.બ્રમાંડ માં કલાકના ૨૮૧૬ કિલો મીટરની ઝડપે જતો નિઓવાઈસ ધૂમકેતુ લગભગ પાંચ કરોડ કિલોમીટર લાંબી પૂછડી રચતો હોવાનો અંદાજ છે. આ અંતર પૃથ્વી અને સૂર્ય વચ્ચેના ફાસલા કરતા ત્રીજા ભાગનું થયું.

તેમજ ડો.અનીલભાઈ એ વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા.આ વેબીનારમાં ૮૪ જેટલા લોકો જોડાયા હતા. આ વેબીનારને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયોજક મિત પટેલ,હાર્દિક મકવાણા,શિવાંગ પટેલ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર ખાતે પત્રકારત્વ વિષયમાં પીજી ડિપ્લોમા કરવાની સુવર્ણ તક

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં આઠ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓનો અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજયના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કૅમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી અને ઍડમિશન માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# 'સાવન કો આને દો...' સ્મિત મ્યુઝિક દ્વારા વરસાદી વાછંટ સાથે વરસાદી ગીતોની ઝડી






ગાંધીનગર, તા. ૨૧

વરસાદની પધરામણી થાય એટલે તરત જ બોલીવૂડના ફિલ્મી વરસાદી ગીતો સાંભળવાની કે એના પર વરસાદમાં જઈ ડાન્સ કરવાની ઈચ્છા થાય. સ્મિત મ્યુઝિક દ્વારા વરસાદના ગીતોને પ્રસ્તુત કરવાનો કાર્યક્રમ રવિવારે સાંજે સોશિયલ ડિસ્ટન્સ અને સલામતી સાથે વરસાદી વાછંટની હાજરીમાં ઉજવણી કરવામાં આવ્યો હતો.

'સાવન કો આને દો...' શિર્ષક વરસાદના રોમેન્ટિક અને યાદગાર ગીતોનો કરાઓકે સાઉન્ડ સાથે માત્ર આમંત્રિત માટે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. એમણે પ્રથમ વરસાદ, પ્રેમ અને ભજિયાંને સીધો સંબંધ એવી રસપ્રદ વાતો કરી વરસાદી ગીતોની અવનવી વાતો કરી હતી. આ સાથે જાણીતા બિલ્ડર જગત કારાણી, આ કાર્યક્રમનું સંચાલન ભરત ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

એક એકથી ચઢિયાતા વરસાદી હિન્દી ફિલ્મોના ગુલદસ્તામાં પરેશ ત્રિવેદી, ધર્મેન્દ્ર ગજ્જર, ચેતન, રાજેન્દ્ર, રવિ, કોમલ બહેન, જયભાઈ, રીઝવાન, દેવાનંદ ઘોડકે, નિરવ દવે, અતુલ દવે, રાજેશ્રી બહેન, રેખા બહેન, જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જરે એક એકથી ચઢિયાતા વરસાદી ગીત પ્રસ્તુત કર્યા હતા.

કોરોનાની કાળજી લેતા સેનેટાઈઝર, માસ્ક, ગ્લવ્ઝ અને સોશિયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખીને આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.

ભરત ગજ્જર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રિમઝિમ ગીરે સાવન, એક લડકી ભીગી ભાગી સી, રિમઝિમ કે ગીત સાવન ગાયેં, સાવન કા મહિના પવન કરે સોર, તુમ્હે ગીતો મેં ઢાલુંગા સાવન કો આને દો,બરખા રાની જરા જમ કે બરસો... જેવાં વરસાદી વાછંટ સાથે વરસાદી ગીતોની ઝડી વરસાવી હતી.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ધ રોબોટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા (બીવીએમ સ્ટુડન્ટ ચેપટર)નું ઉદ્‌ઘાટન

વલ્લભવિદ્યાનગર, તા. ૨૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે રોબોટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા (બીવીએમ સ્ટુડન્ટ ચેપટર) નું ઉદ્‌ઘાટન તથા તેને અંતર્ગત ઓટોનોમી ફોર રોબોટ્સ-ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ વિષય પર એકસપર્ટ લેક્ચર યોજાયો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ,ડૉ. ટી અશોકન (સેક્રેટરી, TRS એન્ડ Head, IIT મદ્રાસ),ડૉ. ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ), ડૉ.પી. એમ.જ્યોર્જ (હેડ, મિકેનિકલ એન્જી), ડૉ.વિનય જે.પટેલ (ફેકલ્ટી એડવાઈઝર ,TRS BVM),ડૉ.ડી.એમ.પટેલ (ફેકલ્ટી એડવાઈઝર,TRS BVM), ડૉ.એચ.પી.પાટોલિયા(ફેકલ્ટી એડવાઈઝર,TRS BVM), પ્રો.આશિષ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.




ઉપરોક્ત ઈવેન્ટ ની શરૂઆત પ્રાર્થના ગીત થી કરવામાં આવી હતી.ડૉ પી.એમ.જ્યોર્જે સૌનું અભિવાદન કર્યું હતું તથા એક્સપર્ટ નો પરિચય આપ્યો હતો.આ પ્રસન્ગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે ૧૪ જૂન ૧૯૪૮ ના રોજ સ્થપાયેલી રાજ્યની પ્રથમ એન્જીનીયરીંગ કોલેજ એ ચારુતર વિદ્યામંડળ તથા બોર્ડ ઓફ ગવર્નર્સ ના માર્ગદર્શન તથા સહકાર થી તેના વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ' તથા તેના સિદ્ધાંત 'વર્ક ઈઝ વર્શિપ' પર સતત પ્રયત્નશીલ છે..આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે બીવીએમ ખાતે વન ફેકલ્ટી વન ઈન્ડસ્ટ્રી, ISTE,IEI,ISTE,CSI, તથા કલચરલ ટીમ, NCC,NSS એ વિદ્યાર્થીઓ ના હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃતિઓ હાથ ધરે છે. AICTE તથા MHRD દ્વારા ઍનલિસ્ટ થયેલ ઈમર્જિંગ ટ્રેન્ડ્સ જેવા કે મશીન લર્નિંગ,ડીપ લર્નિંગ, ઓગમેન્ટેડ રિયાલિટી,વર્ચ્યુઅલ રિયાલિટી માં રોબોટિક્સ નો સમાવેશ થાય છે જેને અનુલક્ષી ને ઉપરોક્ત એક્સપર્ટ ટૉક નું આયોજન અભિનંદન ને પાત્ર છે તથા ખ્યાતનામ યુનિવર્સીટી તથા દેશો એ ડેવેલોપ કરેલ રોબોટ્સ તથા covid-19 માં ઉપયોગી એવા રોબોટ્સ ની માહિતી આપી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલે ધ રોબોટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા (બીવીએમ સ્ટુડન્ટ ચેપટર)ની વેબસાઈટ લોન્ચ કરી હતી તથા સમગ્ર ટીમ ને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે ધ રોબોટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા (બીવીએમ સ્ટુડન્ટ ચેપટર) એ વિદ્યાર્થીઓ ને રોબોટિક્સ તથા ઓટોમેશન ને લગતા ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે તથા વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ તથા પાયા ના ઘડતર માટે ચારુતર વિદ્યામંડળ હંમેશા પ્રયત્નશીલ છે.

# શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ વિભાગ) સેક્ટર-૭, ગાંધીનગર ઉ. વિ.શાળા પંચાયતનુ મંત્રીમંડળ

ગાંધીનગર, તા. ૨૧

મંત્રી મંડળની યાદી : પ્રમુખ, વાઘેલા - ફાલ્ગુની રામજીભાઈ ૧૧-બી, ઉપપ્રમુખ - યાદવ પ્રીતિ વિજયભાઈ ૧૧-બી, શિસ્ત મંત્રી - ચૌધરી જેન્સીબેન પ્રવિણભાઈ ૧૧-બી, રમતગમત મંત્રી - પટેલ સુમન બાબુભાઈ ૧૧-બી, સફાઈ મંત્રી - ચૌધરી મંજુલા વશરામભાઈ ૧૧બી, મનોરંજન મંત્રી - ચૌધરી સાક્ષી ચેતનભાઈ ૧૧-એ, પુસ્તકાલય મંત્રી - ચૌધરી ધર્મિષ્ઠા જસવંતભાઈ ૧૧બી, પ્રવાસ મંત્રી- ચૌધરી ખુશી દશરથભાઈ ૧૨-એ, લાઈન મંત્રી - ચૌધરી ઉર્મિલા મેઘરાજભાઈ ૧૧-બી, ઉર્જા મંત્રી- ચૌધરી તન્વી વેલજીભાઈ ૧૧ (સાયન્સ).

શાળા પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલ માધ્યમિક વિભાગના સભ્યોની યાદી.

૧) પ્રમુખ-પ્રાત્વી સુમિત કુમાર વાઘેશ્વરી૧૦-ડી, ૨) ઉપપ્રમુખ - આશા રમેશભાઈ પ્રજાપતિ ૧૦-ડી, ૩) શિસ્ત મંત્રી - તરન્નુમ આબિદ ભાઈ શેખ ૧૦-એ, ૪) સફાઈ મંત્રી - ધારા મુકેશભાઈ ત્રિવેદી ૧૦-ડી, ૫) - મનોરંજન મંત્રી - યાત્રાબા જયદીપ સિંહ વાઘેલા ૧૦-બી, ૬) પુસ્તકાલય મંત્રી - મીનાક્ષી વિષ્ણુભાઈ ઠાકોર ૧૦-બી, ૭) પ્રવાસ મંત્રી - પ્રિયા જયેન્દ્રસિંહ ગોલ ૧૦-ડી, ૮ - લાઈન મંત્રી - માનસીબા એમ ઝાલા ૯-બી, ૯) ઉર્જા મંત્રી - જીનલ ગોરસિંગ ભાઈ ગરાસીયા ૯-એ, ૧૦) રમતગમત મંત્રી - વિદ્યા પ્રકાશભાઈ ચૌધરી ૯સી

ઓનલાઈન ગૂગલ ફોર્મ કાઢીને આ ચૂંટણી કરવામાં આવી હતી.

શાળાના આચાર્યા બેન રમીલાબેન ચૌધરીએ શાળાના માર્ગદર્શક શિક્ષકો લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા, હેતલબેન દેસાઈ તથા નવા વરાયેલ શાળાના દરેક વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે.

શાળાના તમામ કર્મચારીગણ તથા સુપરવાઈઝરો એ પણ તમામને અભિનંદન પાઠવ્યા છે.

# ઉમાશંકર જોષીની યોગ્ય કદર કરવા ગુજરાત અને ગુજરાતીઓ પાસે હજી પણ ઘણું કરવાનું ખૂટે છે

ગાંધીનગર, તા. ૨૧

મૂર્ધન્ય ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોષી અને ગીત-સંગીતકાર અવિનાશ વ્યાસની જન્મજયંતિ અવસરે 'મારી ભાષા ગુજરાતી' કાર્યક્રમમાં આ બંને મહાન ગુજરાતી વિભૂતિને સંગીતમય સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના સાંનિધ્યમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ઉમાશંકર અને અવિનાશનાં ગીતોના ગાયન પણ કરવામાં આવ્યું હતું. ડૉ. દેસાઈએ ઉમાશંકરના વિલક્ષણ વ્યક્તિત્વ અને આગવી સર્જન પ્રતિભા વિશે ગાંધીનગરથી બોલતા જણાવ્યું હતું કે, ઉમાશંકર જોષી કવિ તરીકે સમકાલીનોમાં શ્રેષ્ઠ હોવા ઉપરાંત માણસ તરીકે પણ તેઓ મૂઠી ઊંચેરા છે. 'વ્યક્તિ મટી બનું વિશ્વ માનવી' ગાનારા આ કવિ વસુંધરાના ઢેફામાંથી પાંગરીને પોતાની સર્જન પ્રતિભાબળે વિશ્વમાનવી કક્ષાએ પહોંચ્યા.



સર્વોચ્ચ સાહિત્યિક એવોર્ડ જ્ઞાનપીઠ અને વિશ્વ ભારતીના કુલપતિ સહિતનાં અનેક પદ - સન્માન પ્રાપ્ત ઉમાશંકર જોષીની યોગ્ય કદર કરવા ગુજરાત અને ગુજરાતીઓ પાસે હજી પણ ઘણું કરવાનું ખૂટે છે એમ ડૉ. કેશુભાઈ દેસાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું.

# સાયન્સ સિટી દ્વારા મૂન લેન્ડિંગ ડે નિમિત્તે વેબિનારનું આયોજન




ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ દ્વારા સોમવારે મૂન લેન્ડિંગ ડે નિમિત્તે બે ઓનલાઈન ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. એકત્રીસ વર્ષ પહેલા ૨૦ જુલાઈ, ૧૯૬૯ના રોજ અમેરીકાના અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિને એપોલો ૧૧ સાથે ચંદ્ર પર ઐતિહાસિક ઉતરાણ કર્યું હતું.

ડો. વિશાલ જોશીએ (વિજ્ઞાનીક, પીઆરએલ અમદાવાદ) જણાવ્યું હતું કે દેશોએ તેમના ચંદ્ર મિશનમાં કેવી રીતે પ્રગતિ કરી હતી. ડો.જોશીએ ભારતના ચંદ્રયાન મિશન વિશે માહિતી આપી હતી. તેમણે ચંદ્ર પર માનવ વસાહત કરવા અંગે વિજ્ઞાનીકો દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રશ્નો વિશે પણ વાત કરી હતી. 'ઉલ્કાઓ ચંદ્રની સપાટી પર પડવાથી તે સરળ બનશે નહીં. ઉપરાંત, માનવ નિવાસ માટે ઓક્સિજન અને પાણી પૂરતા પ્રમાણમાં હોવા જરૂરી છે'

તે પહેલા બપોરે ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજિત ફેસબુક લાઈવ ટોકમાં વિષય નિષ્ણાત સમીર ધૂર્ડે (આઈયુસીએએ, પૂના) દ્વારા ચંદ્રના રહસ્યમય અને પડકારજનક સ્થળો વિશે અને ચાલી રહેલી ભવિષ્યની યોજનાઓ વિશે વાત કરી હતી. ઉપરાંત વર્તમાન પેઢીને સામાજિક, વિજ્ઞાનીક અને કારકિર્દીની રીતે સમજી શકે તે રીતે ચર્ચા કરવામાં આવી હતી જેથી તેઓ માનવજાતના આ નવા પગલામાં સક્રિય ભૂમિકા ભજવી શકે.

## ડાયરેક્ટ ❤ સે

જીવન એ સૌથી મોટી શાળા છે, કેમ કે, તમને ક્યારેય ખબર પડતી નથી કે તમે કયા વર્ગમાં છો અને હવે તમારે કઈ પરીક્ષા આપવાની છે...

## જન્મદિને વધામણી



જયેશ પંચોલી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯



મુકુન્દ ચંદુલાલ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯



નિધિ અશ્વિનકુમાર પંડ્યા



શૌર્ય જસ્મીન જોષી
મો. ૯૮૭૯૭ ૪૯૦૯૫



પ્રેમ યમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭



દ્વિજરાજસિંહ અંક્તિસિંહ ચાવડા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક